# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

***************************************************

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જાપાનના સંરક્ષણ મંત્રી સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજી.

2) નીટ યુજી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ચેડાં કરનારા 11 આરોપીઓની ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાંથી ધરપકડ.

3) સર્વોચ્ચ અદાલત આજે વક્ફ (સુધારા) અધિનિયમ 2025ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે.

4) ગુજરાત, આંધ્રપ્રદેશ અને ઓડિશામાં આજે ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.

5) આઇપીએલમાં, સનરાઇઝર્સ હૈદરાબાદ આજે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.

.......................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RAJNATH SINH NAKATA TALKS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંધ જાપાનનાં તેમના સમકક્ષ જનરલ  નાકાતાની સાથે દ્વિપક્ષીય મંત્રણા યોજી. દરમિયાન બંન્ને દેશનાં સંરક્ષણ મંત્રી  વર્તમાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા સ્થિતિ પર મંતવ્યો અને વિચારોનું આદાનપ્રદાન કર્યું. તેમજ દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવાનો દિશામાં ચર્ચા કરી.

ચર્ચાના પ્રારંભે  સંરક્ષણ મંત્રીએ પહલગામ આતંકવાદી હુમલાના પગલે ભારત સાથે અડગ રીતે ઉભા રહેવા બદલ જાપાનનો આભાર માન્યો. તેમણે ભારત-જાપાન સંરક્ષણ સંબંધને વધુ મજબૂત બનાવવા જનરલ નાકાતાનીના યોગદાનની પ્રશંસા કરી. બેઠક પહેલા, જનરલ નકાતાનીને ટ્રાઇ સર્વિસીઝ ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું.

દરમિયાન, પહલગામ આતંકી હુમલાને પગલે સર્જાયેલી સ્થિતિ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંધ વચ્ચે નવી-દિલ્હીમાં મંત્રણા ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . .

# VP-KARNATAKA-VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે કર્ણાટકના એક દિવસના પ્રવાસે જશે. દરમિયાન તેઓ ઉત્તર કન્નડ જિલ્લાના સિરસીમાં કોલેજ ઓફ ફોરેસ્ટ્રીની મુલાકાત લેશે.

. . . . . . . . . . . . . . . .

# BLACK OUT REHARSHAL

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધની વધતી જતી આશંકા વચ્ચે, ગઈકાલે રાત્રે પંજાબના સરહદી જિલ્લા ફિરોઝપુરમાં લગભગ 30 મિનિટ માટે બ્લેકઆઉટ રિહર્સલ કરાયું. ફિરોઝપુર જિલ્લા વહીવટીતંત્રે શનિવાર અને રવિવારે ફિરોઝપુર કેન્ટ વિસ્તાર અને સરહદી ગામોમાં જાહેરાત કરીને આ અંગે માહિતી આપી.

લોકોને રવિવારે રાત્રે 9 વાગ્યાથી 9.30 વાગ્યા સુધી તેમના ઘરની અંદરની લાઇટ બંધ રાખવાની ચેતવણી આપવામાં આવી હતી. બ્લેકઆઉટ રિહર્સલ દરમિયાન, વહીવટીતંત્રે ચારે બાજુ વીજળી બંધ કરી દીધી હતી અને ચેતવણી માટે વિવિધ સ્થળોએ 30 મિનિટ માટે હૂટર પણ વગાડ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# NEET UG CHEATING UP RAJASTHAN

દેશભરમાં યોજાયેલી નીટ યુજી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓ સાથે ચેડાં કરનારા કુલ 11 આરોપીઓની ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાંથી ધરપકડ કરવામા આવી છે.

ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સે ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના નોઇડામાંથી ત્રણ વ્યક્તિઓની ધરપકડ કરી છે. ટાસ્ક ફોર્સે આરોપી પાસેથી નોંધપાત્ર પ્રમાણમાં સંડોવણીજનક પુરાવા જપ્ત કર્યા છે, જેમાં મોબાઇલ ફોન, આધાર કાર્ડ, ઉમેદવાર ડેટા શીટ, પાન કાર્ડ, ક્રેડિટ કાર્ડ, મતદાર ઓળખપત્ર, પાસપોર્ટ, ચેક બુક, કમ્પ્યુટર અને એસયુવીનો સમાવેશ થાય છે.

દરમિયાન, રાજસ્થાનમાં પણ નીટ પરિક્ષા દરમિયાન ગેરરિતીમાં સંડોવાયેલી એક ગેંગના પાંચ સભ્યોની જયપુર પોલિસે ધરપકડ કરી છે. પોલીસે આરોપીઓ પાસેથી પરીક્ષાના નકલી દસ્તાવેજો, બ્લુટુથ ઉપકરણો, ચાર સિમ કાર્ડ, મોબાઇલ ફોન અને 50,000 રૂપિયા રોકડ અને એસયુવી વાહન પણ જપ્ત કર્યું હતું. આરોપીઓ ઉમેદવારોને ગેરકાનૂની પદ્ધતિઓથી પરિક્ષા પાસ કરવામાં મદદ કરી રહ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# GUJARAT BOARD RESULT

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ બાર વિજ્ઞાન પ્રવાહ , સામાન્ય પ્રવાહ અને ધો.12નુ ગુજકેટ તેમજ ઉત્તર બુનિયાદી અને સંસ્કૃત માધ્યમની પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરાયું છે. જેમાં .સામાન્ય પ્રવાહ નું 93.07 ટકા પરિણામ જાહેર થયુ છે.

જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહનું 83.51 ટકા પરિણામ જાહેર થયું. વિજ્ઞાન પ્રવાહનું ગત વર્ષ કરતા 1.0 ટકા વધુ જાહેર થયું હોવાનું રાજ્યના શિક્ષણ મંત્રી ડોક્ટર કુંબેર ડિંડોરે જણાવ્યું હતું. ઉપરાંત ગુજકેટનું પરિણામ પણજાહેર થયુ હતું જેમાં 99 પર્સેન્ટાઇલ કરતાં વધુમાં ગૃપ એમાં 489 અને બી ગૃપમાં 790 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે..

. . . . . . . . . . . . . . . .

# SC-WAQF ACT

સર્વોચ્ચ અદાલત આજે વક્ફ (સુધારા) અધિનિયમ 2025ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરશે. મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, ન્યાયમૂર્તિ સંજય કુમાર અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથનની ખંડપીઠ બપોરે 2 વાગ્યે આ મામલે સુનાવણી કરશે.

ખંડપીઠે ગયા મહિનાની 17મી તારીખે તેની સુનાવણીમાં સ્પષ્ટતા કરી હતી કે આ પ્રારંભિક સુનાવણી છે અને જો જરૂરી હશે તો વચગાળાના આદેશો પસાર કરવામાં આવશે. છેલ્લી સુનાવણીમાં કેન્દ્રએ ખાતરી આપી હતી કે વક્ફ-બાય-યુઝર જમીનો સહિત નોંધાયેલા અથવા સૂચિત વક્ફને અસર થશે નહીં. સરકારે કેન્દ્રીય વક્ફ પરિષદ અને રાજ્ય વક્ફ બોર્ડમાં નિમણૂકો ન કરવાની પણ ખાતરી આપી હતી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# BJP MEETING

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે. પી. નડ્ડાએ આજે નવી દિલ્હીમાં પક્ષના મહાસચિવો સાથે બેઠક યોજી હતી. ભાજપના વડામથક ખાતે યોજાયેલી આ બેઠકમાં પાર્ટીના મહાસચિવ બી. એલ. સંતોષ, અરુણ સિંહ, વિનોદ તાવડે, તરુણ ચુઘ સહિતનાં નેતાઓએ હાજરી આપી હતી.

. . . . . . . . . . . . . . . .

# KANPUR FIRE

ઉત્તર પ્રદેશના કાનપુરના ચમનગંજ પોલીસ મથક વિસ્તારના ગાંધીનગરમાં પાંચ માળની ઇમારતમાં લાગેલી આગમાં પતિ-પત્ની અને તેમની ત્રણ પુત્રીઓના મોત થયા. લગભગ આઠ કલાકની મહેનત બાદ તમામ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. આ ઇમારતના પહેલા અને બીજા માળે પગરખાની ફેક્ટરી છે. ત્રીજા અને ચોથા માળે પરિવારો રહે છે. આગને બુઝાવવા 20 ફાયર એન્જિન, 70 ફાયર ફાઇટર અને પોલીસ કર્મચારીઓની ભારે મહેનત બાદ, લગભગ આઠ કલાક પછી, પરિવારના તમામ સભ્યોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા.

એડીસીપી સેન્ટ્રલ રાજેશ કુમાર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, પાંચ માળની ઇમારતના નીચેના માળે શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હતી.

. . . . . . . . . . . . . . .

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત,આંધ્રપ્રદેશ અને ઓડિશામાં ભારે વરસાદની આગાહી કરી છે. છત્તીસગઢ, પૂર્વ મધ્યપ્રદેશ, ગુજરાત, ઓડિશા અને ઉત્તરાખંડમાં આજે કરા પડવાની શક્યતા છે.હવામાન વિભાગ દ્વારા બિહાર, ઓડિશા, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાખંડ, આસામ, મણિપુર અને પશ્ચિમ બંગાળમાં આવતીકાલ સુધી વાવાઝોડા, વીજળી અને ભારે પવન સાથે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ પૂર્વ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં આજે ધૂળની આંધી જોવા મળી શકે છે.કેરળ અને માહેમાં ગરમ અને ભેજવાળુ વાતાવરણ રહેવાની શક્યતા છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં યજમાન સનરાઇઝર્સ હૈદરાબાદ આજે સાંજે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. મેચ હૈદરાબાદમાં સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. હાલમાં, પેટ કમિન્સની આગેવાની હેઠળની હૈદરાબાદ પોઇન્ટ ટેબલમાં નવમા સ્થાને છે જ્યારે અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી પાંચમા સ્થાને છે.

. . . . . . . . . . . . . . . .

# TABLE TENNIS

અંકુર ભટ્ટાચાર્ય અને અભિનંદ પ્રધાવધીની ભારતીય જોડીએ ગઈકાલે બેંગકોકમાં WTT યુથ સ્ટાર કન્ટેન્ડર ટેબલ ટેનિસ સ્પર્ધામાં અંડર-19નો ખિતાબ જીતી લીધો છે.તેમણે ફાઇનલમાં કોરિયાના લી જંગમોક અને ચોઈ જીવુકને 3-1થી હરાવ્યા હતા.પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં, ભારતના અંકુરનો જાપાનના યોશિયામા સામે 0-3થી પરાજય થયો હતો.

જ્યારે અંડર-19 ગર્લ્સ ડબલ્સમાં,ભારતનાં સિન્ડ્રેલા દાસ અને દિવ્યાંશી ભૌમિકની જોડી ફાઇનલમાં થાઇલેન્ડની જોડી સામે હારી ગયાં હતાં.

. . . . . . . . . . . . . . .

# DAY KHELO INDIA-BIHAR

બિહારમાં ચાલી રહેલી ખેલો ઇન્ડિયા યુથ ગેમ્સના બીજા દિવસે આજે રમતવીરો સેપક ટકરાવ, કબડ્ડી અને પરંપરાગત માર્શલ આર્ટ્સ, ગટકામાં ભાગ લઈ રહ્યા છે. રાજગીર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી કબડ્ડી સ્પર્ધામાં પુરુષોની શ્રેણીમાં આંધ્રપ્રદેશે છત્તીસગઢને હરાવ્યું હતું, જ્યારે મહિલાઓની શ્રેણીમાં, રાજસ્થાને છત્તીસગઢ સામે વિજય મેળવ્યો હતો.

. . . . . . . . . . . . . . .